# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ઉંચી પ્રતિમાને પડછાયે 'સાસુ'ને ઢાંકી દીધાં!
ભ્રષ્ટાચારની ભડકે 'વહુ-બેટા'ને હાંકી દીધાં,
આંચકી લીધા ગાંધીજીને થોડી સાફ-સફાઇમાં -
બાકી હતા 'નહેરૂ-ચાચા', બાળ-સહજ ઠાંગી લીધા!
(કોંગ્રેસ-નવરી)

## હાઇકુ

બનાવી નાખો!
મતદાર-યાદી જ
સભ્યોનું લીસ્ટ!
(હવે બાકી શું છે?!)

બનશે સેના-
હવે 'નીલકંઠ' જ
જોડાય તો ય!
(શિવસેના-શરતો)
(ભાજપ ને ગળે..)

## ચિંતન

**કલ્પાન્ત વાસ સંક્ષોભલંગ વિચતા શેષ ભૂપૃતઃ । સ્થૈર્ય પ્રસાદ મર્યાદાસ્તા એવ હિ મહોદધેઃ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ - 'સામાન્ય નીતિ' માંથી આ શ્લોક છે :

'જયારે યુગ પરિવર્તન થાય છે એટલે કે કલ્પનો અંત આવે છે ત્યારે પ્રલયની પરિસ્થિતિ સર્જાય છે ત્યારે સમુદ્રના જળ-ઉભરાય છે અને એ જળપ્રકોલ - (ત્સુનામી) દ્વારા પૃથ્વી પરના બધાં વૃક્ષો અને પર્વતો પણ સમુદ્રમાં ડૂબી જાય છે આમ છતાં એ વૃક્ષો અને પર્વતોની સ્થિરતા-પ્રસન્નતા અને મર્યાદાઓ એવી એ એવી જરા પણ વિચલિત થયા વિનાની-અવિચલ-જ રહે છે.'

માણસે આવા પ્રાકૃતિક તત્ત્વો દ્વારા-પ્રાકૃતિક આફતોમાં પણ પ્રકૃતિ તત્ત્વો કેવાં સંક્ષોભ પામ્યા વિનાનાં એવાં ને એવાં સ્થિર અને પ્રસન્ન રહે છે એ જોઇ સમજવાનું છે. દરિયાઇ લહેર-વહેણમાં વૃક્ષો એટલા જ આનંદથી ઝૂલતાં રહે છે. (દરિયાના ગર્ભમાં પણ) જેટલાં બહાર પૃથ્વી પર ઝૂલતાં હતા.

માણસે ગમે તેવી કઠિન પરિસ્થિતિમાં સંપૂર્ણપણે ડૂબી જાય તો પણ એને મનની પરિસ્થિતિ પર - સ્વભાવ પર કાબૂ રાખી પૂર્વવત સ્થિરતા-મર્યાદા-પ્રસન્નતા રાખવી જોઇએ.

## સુવિચાર

- કાળ એટલે જેમાં બધું હોમાઇ જાય એવો અગ્નિકુંડ - **હરિભાઇ કોઠારી**
- સારી રીતે વાતો કરવા જેટલું હાસ્ય ન હોવું તેમજ ચૂપ રહેવા જેટલો વિવેક ન હોવો એ એક દુર્ભાગ્ય છે - **સંત બેનેડીક્ટ**
- શીલનું એક જ વસ્ત્ર બાકી બધાં અવસ્ત્ર - **પ્રજારામ રાવલ**
- પ્રકૃતિના ખોળે ખેલવું અને સમય પૂરો થાય ત્યારે પ્રકૃતિની ગોદમાં પોઢી જવું એ જ અધ્યાત્મ છે - **ગુણવંત શાહ**
- માતૃભાષા મસ્તક છે અને અંગ્રેજી મુગટ..
  આપણે મસ્તક કાપીને મુગટ પહેરી લીધો છે - **સ્વામિ સચ્ચિદાનંદ**
- શિક્ષિત થવું એટલે વધારે ને વધારે જાણી લેવું એમ નહીં.. પણ વધારે ને વધારે નમ્ર અને સારા સાચા થવું - **સુરેશ દલાલ**
- ઉમ્રકા બઢના દસ્તુર હૈ જહાં કા...
  મહેસૂસ કરો તો બુઢાપા હૈ કહાં?? - **નાઝ અંજુમ**

- **(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

સંસાર-વ્યવહારમાં દરેક વ્યક્તિમાં-સ્વભાવમાં-વર્તનમાં-ટેવોમાં કંઇને કંઇ દોષ તો હોય જ છે, છતાં ય આપણે એમાં સારું શું છે એ શોધીને સંતોષ લેવો જોઇએ. પતિ-પત્ની, મિત્રો, સંબધો જો નિભાવવા હોય તો આવી હકારાત્મક દૃષ્ટિ કેળવવી જોઇએ. કદી કયાંક કોઇ આદર્શ 'કપલ' હોતું નથી.

એક સાંજે યુવાન પરણેલી પુત્રી જેનાં થોડા સમય પહેલાં જ લગ્ન થયાં હતા. તે રડતી રડતી માતા-પિતા આવી - અને બોલવા લાગી. આ વ્યક્તિ સાથે મારાથી રહી નહીં શકાય. આજે તો હું તમારી ઇચ્છા જાણવા જ આવી છું હું શું કરું અહીં આવી જાઉં?

મા એ પૂછ્યું પણ તારી નારાજગીનું કારણ તો કહે! પુત્રી કહે એક હોય તો કહું ને!

એ રાત્રે ઘેર આવવામાં બેદરકાર છે મોડો આવે એટલે સમયસર ઉઠે કયાંથી - પછી મોડું થાય એટલે ઘર આખું માથે લે! એને સંબંધો, લગ્નતિથિઓ જન્મદિવસો કંઇ જ યાદ નથી હોતા - વસ્તુઓ વ્યવસ્થિત નથી રાખતો - કપડાં, તેનો કબાટ બધું જ અવ્યવસ્થિત. આવા માણસ સાથે કેમ રહેવાય?

મા એ કહ્યું - આ બધું તો તારા પિતાજીમાં પણ આજની તારીખે છે જ, પણ એના સ્વભાવમાં કઇ કઇ સારી બાબતો છે એ મેં શોધી કાઢી અને એને આધારે જ મેં મારું જીવન પસાર કર્યું. તું પણ યાદ કર અને નિરીક્ષણ કર - એની સારી બાબતો શોધી કાઢ - પછી તને તકલીફ નહીં પડે. આમ છતાં તારે માટે આ ઘર સદાય ખુલ્લું જ છે...

પુત્રી બીજે દિવસે પાછી ગઇ અને એક મહિને ખૂશખૂશાલ માનો આભાર માનવા આવી.

Email - sureshchandrabhatt18@gmail.com

# ડુગોંગને શરીર પર ત્રણ પ્રકારના વાળ હોય છે, જેમાં ચહેરાની આગળના ભાગમાં જડબાંની નીચે અને પુંછડીની બાજુમાં અલગ અલગ પ્રકારના વાળ હોય છે, તેની આંખો નાની અને ઊંડી ઉતરી ગયેલી હોય છે




મેઘા અને ઈશા અરીસાઘર (મીરર હાઉસ) અને મગરના કુંડની વચ્ચે આવેલ તલાવડી પાસે આવીને ઊભી રહી ત્યારે સવારનો રૂપાવર્ણી તડકો હજુ તેજ લાગતો ન હતો. ગ્રીન અને આછા રાખોડી રંગના બરમુડા અને લગભગ તેને જ મળતાં રંગનાં ટીશર્ટ બંનેએ પહેર્યા હતા. મેઘા એ બાયનોકયુલર ગળામાં લટકાવેલું હતું. તો નાનકડી ઈશાના પાસે નાની વોટરબેગ હતી. ઈશાએ વોટરબેગમાંથી ઘૂંટકો કે પાણી પીધું ત્યાં તેની નજર લીમડા પર ચડેલી બોગનવેલની કાંટાળી ઊંચી ડાળ પર બેઠેલા એક રંગીન પક્ષી પર પડી. તે મેઘાને બતાવવા જતી હતી ત્યાં એ પક્ષીએ ઉડીને પાણીમાં ડાઈ મારી અને નાનકડી માછલીને તેની બ્રાઉન કલરની લાંબી ચાંચમાં લઈ ફરી એ બોગન વેલની ડાળ પર બેસી ગયું. તળાવના વલયો થયાં અને ફરી બધું શાંત થઈ ગયું. હાં, વલયો મોટાં થતાં થતાં કિનારા સુધી આવીને વિખરાઈ ગયા. તળાવડીમાં લાલ અને સફેદ રંગના સુંદર પોયણાં ખીલ્યાં હતા. તે બંને બહેનો જોવા લાગી. ત્યાં પેલા પંખીનો અવાજ સંભળાયો એટલે મેઘાએ બાયનોકયુલરથી તેને જોવાનો પ્રયત્ન કર્યો પણ એ ઉડી ગયું.

'કયું પક્ષી હતું દીદી?'

'કીંગ ફીશર કલકલીયો'

'કેવું સુંદર હતું નહીં, અને તેની ડાઈ મારીને શિકારને પકડવાની ચપળતા તો ગજબની હતી. ઉડે ત્યારે કેવા ચળકતા રંગોનો ભપકો લાગતો હતો. પણ એ કયાં ગયું?' ઈશાએ પુછ્યું.

ત્યાં દૂર લાંબી સીસોટી જેવો બીજા એક પક્ષીનો અવાજ સંભળાયો પણ એ વૃક્ષની ઘટામાં કયાં બેઠું છે તે દેખાતું ન હતું. ઈશા નેં આ અવાજ સંભળાયો.

'હાં, પણ કયાંય દેખાતું નથી.'

'ખેરખટ્ટો છે. અહીં જ કયાંક હશે.'

'દીદી આ પોયણાં કેવા સરસ ખીલ્યાં છે નહીં મને એ ખુબ જ ગમે છે. તોડી લાવું.'

'ના, ઈશા તલાવડીમાં શેવાળ છે તું લપસી જઈશ. વળી પોયણાંની સુંદરતા. જેમ આપણને ગમે છે તેમ બીજાં મુલાકાતીઓને પણ ગમતી હોય. અહીં જોવા આવનાર બધાં જો તારી જેમ એક એક પોયણું લઈ જાય તો અહીં રહેશે શું?'

'હાં દીદી તારી વાત સાચી છે, તો પછી તારો મોબાઈલ આપ લાવ હું તેને ફોટો પાડી લઉં.' ઈશાએ કહ્યું અને મેઘા પાસેથી મોબાઈલ લઈ તેના કેમેરામાં ત્રણચાર સ્નેપ લઈ લીધા. પાણીમાં રહેલા નાની નાની ગપ્પી માછલીઓ કુદાકુદ કરીને પાણીમાં તરંગો ઉત્પન્ન કરતી હતી. મેઘા અને ઈશાને એ જોવાની ખુબ જ મજા પડી ત્યાં સામેથી કુસુમબેન આવતાં દેખાયા.

'ગુડ મોર્નિંગ'

'વેરી ગુડ મોર્નિંગ' મેધા, ઈશા હું તો તમને ત્યાં ગ્રીનવેલી તરફ શોધતી હતી. તમે અહીં સુધી આવી ગયાં છો.

'હાં, હમણાંથી દરિયાઈ વાવાઝોડાઓનાં સમાચારો વાંચી સાંભળીને ઈશાને દરિયાઈ સૃષ્ટિમાં બહુ રસ પડવા લાગ્યો છે. અગાઉ અમે આવ્યા ત્યારે બ્લ્યુ વ્હેલનું હાડપિંજર જોયેલું પણ તેને ડોલ્ફીન અને ડુગોંગ વિષે જાણવાની ખુબ જ ઇંતેજારી છે. અહીં તેના પણ અસ્થિકંકાળ મુક્યા છે ખરૂં ને?'

'હા ચાલો મારી સાથે' કહીને કુસુમબેન આગળ ચાલવા લાગ્યા એટલે મેધા અને ઈશા પણ તેમને અનુસરી. મગર કુંડ પાસે થઈને તેઓ ડુગોંગના હાડપિંજર પાસે આવીને ઊભાં રહ્યાં. કુસુમબેને કહ્યું, 'જૂઓ આ ડુગોંગનું હાડપિંજર છે. ડુંગોંગને કચ્છના અખાતના માછીમારો 'બાઈ માણસ', 'લુબી' કે 'સૂવર મચ્છી' નામથી ઓળખે છે. ત્યાં વ્હેલ અને ડોલ્ફિન સાથે ડુગોંગ પણ જોવા મળે છે. તેથી અહીં એ ત્રણેનાં હાડપિંજરો નજીક નજીકમાં રાખવામાં આવ્યા છે. સાગર સુંદરી (SIRENA) વર્ગનું આ સસ્તન પ્રાણી આપણને ત્યાં ખંભાતના અખાતમાં પણ કયારેક જોવા મળે છે. ડુગોંગની સંખ્યા સતત ઓછી થતી જાય છે અને તે દુર્લભ પ્રાણી બની ગયુ છે. તે મુખ્યત્વે દરિયા કાંઠાના છીછરા નદીના મુખ્યપ્રદેશવાળા વિસ્તારમાં રહેતી જણાય છે તે લીલનો ખોરાક તરીકે ઉપયોગ કરે છે. તેનો દેહ નૌકાકાર હોય છે. પ્રત્યાયન માટે એ તીણા અવાજનો ઉપયોગ કરે છે. પાણીમાં તરતી ડુગોંગનો આકાર અડધો મનુષ્યનો અને અડધો મત્સ્ય જેવો દેખાતો હોવાથી તેને 'મત્સ્ય કન્યા'નું બિરૂદ અપાયેલું છે. તેની પુંછડી વ્હેલ અને ડોલ્ફિન સાથે સામ્ય ધરાવે છે.

'આ ડુગોંગનું હાડપિંજર છે તે કેટલી ઉંમરની હશે?' ઈશાએ પુછ્યું.

'ડુગોંગની ઉંમર નક્કી કરવા માટે તેના કર્ણાસ્થિ પરનાં વલયોની સંખ્યા પરથી ઉંમર જાણી શકાય છે.'

કુસુમ બેને કહ્યું એટલે ઈશાતો તેના કર્ણાસ્થિના વલયો ગણવા લાગી.

'આ તો બિચારી ગાય જેવી ગરીબ લાગે છે.' મેધા બોલી.

'આને સમુદ્ર ગાય પણ કહેવાય છે. આ સંપૂર્ણ વનસ્પતિધારી પ્રાણી છે. સમુદ્રનાં તળિયે ઉગેલા ઘાસને ઉખાડીને તેની ડાંડીઓ ખાય છે.'

'આ તો હાડપિંજર છે. આ માછલી કેવી દેખાતી હશે?'

'ડુગોંગને શરીર પર ત્રણ પ્રકારના વાળ હોય છે. જેમાં ચહેરાની આગળના ભાગમાં જડબાંની નીચે અને પુછડીની બાજુમાં અલગ અલગ પ્રકારના વાળ હોય છે. તેની આંખો નાની અને ઊંડી ઉતરી ગયેલી હોય છે. જો કે તેની દૃષ્ટિ સારી હોય છે. કાન ગોળાકાર કાણાં જેવા હોય છે. પીઠનો આગળનો ભાગ કથ્થઈ રંગનો અને બાજુનો રંગ ભૂખરો હોય છે. ડુગોંગ સુસ્ત પ્રાણી છે. તેથી તેનો શિકાર જલ્દી થાય છે.'

'એ તો બહુ ખોટું કહેવાય નહીં' ઈશાએ કહ્યું.

એ તો આળસુ થઈએ તો એવું જ થાય ચાલો હવે હજુ આપણે ડોલ્ફિનનું હાડપિંજર પણ જોવાનું છે.

'હાં, ચાલો'

ત્રણ ડોલ્ફિનના હાડપિંજર પાસે આવીને ઊભાં રહ્યાં. કુસુમબેન ડોલ્ફિન અંગેની વિગતો આપતા કહ્યું.

દરિયાઈ સસ્તન પ્રાણીઓમાં ડોલ્ફિન તિમિંગલ શ્રેણીમાં આવે છે. આપણે ત્યાં કચ્છના અખાતમાં જોવા મળતી ડોલ્ફિન સમુદ્ર સુંદરી છે. મત્સ્ય કન્યા તરીકે ઓળખાય છે. વ્હેલ કુળનું પણ વહેલ કરતાં નાનું સસ્તન પ્રાણી છે. ડોલ્ફિન જુદા જુદા આકાર, રંગો અને ભાતની જોવા મળે છે. તેમાં સામાન્ય ડોલ્ફિન ઓળખવામાં ખુબ જ સહેલી છે. તે પર્પલ રંગની કાળાશ પડતી હોય છે. બંને બાજુમાં પીળાશ પડતાં રંગનો પટ્ટો હોય છે. તેની ઉપર બે સફેદ પટ્ટી હોય છે. આંખોની ફરતે કાળા રંગની રિંગ હોય છે. ડોલ્ફિનના ફલીપર્સ પહોળા હોય છે. તેની ગરદન પાછળની પીઠ ઊંચી હોય છે. ઉપર નીચે જડબામાં ૪૦ થી ૫૮ અણિયાળા દાંત હોય છે. માદા-નર કરતાં કદમાં નાની હોય છે. આ ખુબ રમતિયાળ પ્રાણી છે. જે દરિયાના મોજાઓની સાથે ઓછી મહેનતે તરતું રહે છે. કયારેક કયારેક પાણીની બહાર છલાંગ પણ મારે છે.

'તેની કોઈ ખાસ વિશેષતા ખરી?' મેધાએ પુછ્યું.

'હાં, ડોલ્ફિનની બુદ્ધિશાલી પ્રાણીઓમાં ગણતરી થાય છે. તેને ચોક્કસ પ્રકારના અવાજોથી સૂચનાઓ આપીને વિવિધ રમતોના ખેલ કરાવવામાં આવે છે. તાલીમબદ્ધ ડોલ્ફિન માણસ દ્વારા આપવામાં આવતી સૂચનાઓ સમજે છે અને તે પ્રમાણે ક્રિયાઓ કરે છે. પાણીમાં તેની ઉછળકુદની તેની હાજરી જાણી શકાય છે. તે પાણીમાં પાંચ મીટરથી ૩૦૦ મીટરની ઊંડાઈ સુધી ડુબકી લગાવી શકે છે.

ઓ હો જબરી કહેવાય હો' ઈશા બોલી પડી.

'તારા જેવી જ તોફાની બારકસ' મેધાએ તેને ખીજવી.

'જો દીદી એવું નહીં કહેવાનું હા,' કહેતાં ઈશા રીસાઈ ગઈ. તેને મનાવવાનો પ્રયત્ન કરતાં મેધાએ કહ્યું.

'મને લાગે છે કે તને ભુખ લાગી છે?'

'ના, મને તો ભુખ લાગી નથી પણ મારે કુસુમબેનને પુછવું છે કે આ ડોલ્ફિન ખાતી શું હશે?' ઈશાએ પુછ્યું.

'ડોલ્ફિન ખાસ કરીને માછલીઓ, સ્કવીડ અને તળિયે રહેલા કરચલાનો ખોરાક તરીકે ઉપયોગ કરે છે.' કુસુમબેને કહ્યું.

આ વાત ચાલતી હતી ત્યારે ઈશા ખુબ જ ધ્યાન પૂર્વક ડોલ્ફિનના હાડપિંજરને જોતી હતી.

શાળામાંથી પ્રવાસે આવેલાં બાળકોનું એક મોટું જૂથ આ તરફ આવતું હોઈ કુસુમબેન પોતાની વાત પુરી કરી તેમના તરફ ગયા. એટલે બંને બહેનો દરિયાઈ જીવસૃષ્ટિની દુનિયામાંથી પાછી ફરી પ્રકૃતિ ઉદ્યાનનો નજારો જોવા લાગી. સામે કચ્છી ભુંગા પાસેના ઓટલાની બાજુમાં ત્રણ-ચાર મોર અને ઢેલ ચણતાં હતા. બે-ત્રણ કબુતર અને એક હોલાની સાથે સાથે કાકડીયો કુંભાર અને કાબરો પણ ઉડાઉડ કરતી હતી. તો બુલબુલ રેઈનટ્રીની ડાળ પર બેસીને ઝુલતું હતું.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# ગધેડાને પણ તાવ આવે હો!

## વિચારયાત્રા

- ડો. જય ઓઝા

આસમાં હે નીલા કયૂં
પાની ગિલા ગિલા કયૂં
ગોલ કયૂ હે ઝમી
સિલ્ક મેં હે નમીં કયૂં
આગ મેં હે ગર્મી કયૂં
દો ઔર દો પાંચ કયૂં નહીં
પેડ હો ગયે કમ કયોં
તીન હૈ યે મૌસમ કયૂં
ચાંદ દો કયૂં નહીં
દુનિયા મેં હે જંગ કયૂં
બહેતા લાલ રંગ કયૂં
સરહદે હે કયૂં હર કહી
સોચા હૈ? યે તૂને કયાં કભી
સોચા હૈ? કી હે યે કયાં સભી
સોચા નહીં તો સોચો અભી
બહેતી કયૂં હે હર નદી
હોતી કયાં હે રોશની
બર્ફ ગિરતી હૈ કયૂં
દોસ્ત કયૂં હૈ રૂઢતે
તારે કયૂં હૈ ટૂટતે
બાદલો મેં બિજલી હૈ કયૂં
સન્નાટા સુનાઈ નહીં દેતા
ઔર હવામેં દિખાઈ નહીં દેતી
સોચા હૈ સોચા નહીં તો સોચો અભી...

દિવસને દિવસ જ કેમ કહેવાય? પૃથ્વી ગોળ જ કેમ છે? ચોરસ કેમ નથી? ૧+૧ = ૨ જ કેમ થાય છે? હમણાં 'રોક-ઓન' ફિલ્મનું આ ગીત સાંભલ્યું અને મગજ ચકરાવે ચડી ગયું...

આવા પ્રશઅનો આપણને કોઈ બાળક પૂછે એટલે આપણે શું કહીએ? તેને સમજાવી પટાવીને બેસાડી દઈએ... અને વળી કોઈ હશે તો કહેશે કે બેસને હવે દોઢો થયા વગરનો? ગધેડાને તાવ આવે એવી વાત કેમ કરે છે? આવું સાંભળીએ ત્યારે સામે પૂછવાનું મન થાય કે તમે કેમ જાણ્યું કે ગધેડાને તાવ નહીં આવતો હોય? કોઈ વેટરનરી ડૉકટરને જઈને પૂછો, તાવ તો ગધેડાને પણ આવતો હશે...

આપણે બધા ચોક્કસ ચોકઠા મુજબનું જ વિચારીએ છીએ. એથી વિશેષ કાંઈ આગવું વિચારતા નથી, અને કોઈ વળી હિંમત કરે તો એને ભેજાગેપમાં ખપાવી દઈએ છીએ.

સાર્ત્ર કહે છે કે પ્રત્યેક માણસનું મૌલિક અસ્તિત્વ છે, મનુષ્યએ કોઈ બહારની સત્તા કે થોપી દેવામાં આવતા વિચારોમાંથી નહીં પણ પોતાના જીવનમાંથી જાતે જ અર્થ કાઢવાનો છે... તેનો અર્ક નીચોવવાનો છે.

પરંતુ આપણે જેને જિંદગી સમજીએ છીએ એ ખરેખર તો ચોકઠા છે, સ્કેવરની માયાજાળ, જેમાં ફરજિયાતપણે પોતાને હસતાં હસતા કેદ કરી રાખવાનો છે, ઘણીવાર આપણને નગ્ન સત્ય, કોરું સત્ય કહી દેવાનું મન થાય છે, સામેવાળાની ખંધાઈ જોઈને તેને લાફો મારી દેવાનું મન થાય છે... પણ આપણે તેમ કરતાં નથી. આપણે જાતે સ્વીકારેલી ગુલામીને આપણે મન ભરીને માણીએ છીએ.

**Beyond the boundries** આપણે કાંઈ વિચારતા નથી, શા માટે આ ઘેટા ચાલમાં આપણે ચાલીએ છીએ? જીવન શું છે? ધ્યેય શું છે? આવા બધાં અઘરાં લાગતા પ્રશ્નો આપણા મનમાં ઉપસ્થિત તો થાય છે પરંતુ આપણે તેની તરફ કદી ગંભીર થતા નથી... પણ વાત એ છે કે આપણું અસ્તિત્વ આપણું છે ખરું? બીજાઓની ઈચ્છાઓ પ્રમાણે જીવતા જીવતા જયારે લાઈફ મોનોટોનસ લાગવા માંડે ત્યારે આવો પ્રશ્ન થાય છે. જીવનની રેસમાં દોડતાં દોડતાં આપણામાંના ઘણાને તો આ પ્રશ્ન પણ નહીં થતો હોય! આ બધું કામ તો કોઈ ચક્રમનું જ છે! આપણને તો ટાઈમ જ કયાં છે? દોડતાં રહેવાનું બીબાઢાળ કચકડામાં રેડાતા રહેવાનું અને જીવતા રહેવાનું? શું જીવતા રહેવાનું?

જિજ્ઞાસા એ આવિષ્કારની જનની છે... પણ હવે આપણને કોઈ અચરજ, જિજ્ઞાસા, નવાઈ થતી જ નથી, આપણે બધું સ્વીકારી લેવાની વૃત્તિવાળા થઈ ગયા છીએ, આવું વિચારનારા અને પ્રશ્ન કરનારને આપણે 'એબ્સર્ડ' કે 'સનકી' માં ખપાવી દઈએ છીએ. પણ જો કે આ તો ખૂબ જૂનો નિયમ છે. અતિશય પ્રતિભાશાળી હોવું એ એક શ્રાપ છે અને ધારદાર બુદ્ધિ હંમેશા હતાશાને દોરી લાવે છે... અને વળી દુનિયાની ટીકા તેમાં ઉમેરો કરે છે, કારણ કે આવા ભેજાગેપને સમજે એવો બીજો ભેજાગેપ તેને મળતો નથી... અને તે પ્રશ્નાર્થ ચિહ્નની જેમ ઉત્તમ વિનાનો ફરતો રહે છે આ જ તેની નિયતિ છે.

પણ કરૂણતા એ છે કે આપણે આપણી જિજ્ઞાસાને તો ટૂંપો દઈ જ દીધો છે, પરંતુ સાથે-સાથે કંઈક અલગ વિચારવાથી પણ દૂર રાખવા લાગ્યા છે... અત્યારે શિક્ષણ પણ એટલા માટે જ અપાય છે કે બાળક સિસ્ટમને અનુસરતા શીખે. ભણવાનું અને ભણાવવાનું પણ એક જ ચોકઠામાં ચાલે છે. બાળક આગવું સ્વતંત્ર વિચારતો થાય એ માટે શિક્ષણ નથી પણ ઊલ્ટું સ્વતંત્ર વિચારતો બંધ થાય તેની માટે શિક્ષણ છે.

બાળકની જિજ્ઞાસાને જ દૂધપીતી કરી દેવામાં આવે છે. કારણ કે તેના જવાબ પિતા કે શિક્ષક પાસે નથી. તેમના કાલાઘેલા કે સરળ લાગતા સવાલોના જવાબ આપણે આપી શકતા નથી કારણ કે જે તે સમયે આપણી જિજ્ઞાસાને પણ દબાવી જ દેવામાં આવી હતી.

પણ યાદ રાખજો સફરજન વૃક્ષ પરથી નીચે પડે છે, એ બધાં જુએ છે, અને પડેલું સફરજન મજાથી ખાઈએ પણ છીએ! પણ સફરજન ઉપરથી નીચે જ કેમ પડે છે? ઉપર તરફ કેમ નથી ગઈ કરતું? આવો ચક્રમ જેવો સવાલ પણ કોઈ ભેજાગેપને જ થાય અને ન્યૂટન પણ કરોડોમાં એકાદ જ થાય છે.

આપણે બાળપણમાં જે વાર્તાઓ સાંભળી હતી તે આપણને સિન્ડ્રેલાના એક અલગ પ્રદેશમાં લઈ જતી હતી. જયારે વાર્તા કહેવાતી હોય ત્યારે બાળકના હાવભાવ જોયા છે તમે? એ સાંભળે કે કાળા ઘોડાએ પર્વત પરથી છલાંગ મારી ત્યારે એની આંખો ઊછાળા લેતી હોય છે. રાક્ષસ અને પરીની લડાઈની વાત આવે ત્યારે બાળક મુઠ્ઠી વાળીને જાણે રાક્ષસ સામે ઊભો હોય તેમ મારી દેવા તત્પર હોય છે.

પણ! હવે તો આવી વાર્તાઓ અને વાર્તાઓ કહેનાર દાદા-દાદી જ ઘરમાં રહ્યાં નથી. કુટુંબ જ તૂટી રહ્યાં છે. પછી જિજ્ઞાસા તો તૂટે જ ને!

સોચા હૈ કી હૈ યે કયાં સભી!
સોચા નહીં તો સોચો અભી...

# મારા જીવનસાથીનો તથા સીવણ ટીચરનો ખૂબ સહકાર હોવાથી હું મારું ધ્યેય પાર પાડી શકી બાળકો અને કુટુંબની જવાબદારી વચ્ચે સતત પ્રવૃત્તિમય મહેનતું જીવન જીવીને વર્ષાબહેને પોતાની કલાને જીવંત રાખી છે તે તેમની સફળતા કહી શકાય

## મોંઘેરા મોતી

- નટવર આહલપરા

ભરત-ગૂંથણ એ પણ એક કલા છે. તેમાં નિપુણતા મેળવી આ કલાને અનેક પ્રદર્શનો દ્વારા સમાજને પોતાની કલાનો આગવો પરિચય કરાવનાર વર્ષાબેન વર્તમાન સમયે પણ પોતાનું નિવૃત્તિજીવન સમર્પિત કરીને ભરત-ગૂંથણ ક્ષેત્રે પ્રવૃત્ત રહ્યા છે અને પોતાના આ શોખને વ્યવસાયનું સ્વરૂપ પણ આપી રહ્યા છે. પોતાનું જીવનવૃત્તાંત કહેતા તેઓ કહે છે કે મન હોય તો માળવે જવાય. તમે મનથી નક્કી કરો કે મારે કંઇક કરવું છે તો રસ્તો આપોઆપ જ મળવા લાગે. વિઘ્ન આવે પણ તેને પાર કરીને સંઘર્ષ વેઠીને મહેનત કરીને પોતીકાને સાથે મળે એટલે લક્ષ સુધી પહોંવતા વાર લાગતી નથી. આપણે વિશ્વકર્માના વંશજ એટલે હુન્નર આપણા લોહીમાં વારસામાં હોય છે. તેને ઉજાગર કરવો તે આપણા હાથમાં છે. મેં પણ મહેનત અને સંઘર્ષ કરેલ છે. ત્યારે હું મારા લક્ષ સુધી પહોંચી છું.

ભરત-ગૂંથણની કલાનો વારસો તેમને કઇ રીતે પ્રાપ્ત થયો તે વિશે વાત કરતાં તેઓ પોતાના બાળપણના સંસ્મરણોમાં સરી જાય છે. વર્ષાબેન માને છે કે દીકરી માટે માં એક શિક્ષક અને સાચી મિત્ર પણ હોય છે. જે તમને તમારા જીવનમાં આગળ વધવા તમને પ્રોત્સાહિત કરે છે. મને પણ આ બધું મારી માં પાસેથી શીખવા મળેલ છે. મને યાદ છે કે જયારે હું નાની હતી ત્યારે ગામડાંમાં લાઇટ નહોતી. એ સમયે મેં ફાનસના અજવાળે માતાને સિલાઇ, ભરતગૂંથણ વગેરે કલા કરતાં જોયા છે. પાસે બેસાડીને કહેતા કે આ બધું તારે શીખવાનું છે. ત્યારે માતાની વાત મને ગમતી પણ ખરી. મનમાં થતું કે આ બધું હું ક્યારે શીખીશ. પણ ભણતરની સાથે સાથે માતાની પ્રેરણાથી આ પ્રવૃત્તિમાં મગ્ન રહી હું પણ ભરત-ગૂંથણ શીખવા લાગી. સોય-દોરા સાથે આમ બચપણથી જ નાતો બંધાઇ ગયો.



વર્ષાબેન છત્રાલિયા

વર્ષાબિહેનનો જન્મ જામખંભાળીયા મુકામે ૩/૩/૧૯૫૭ના રોજ થયો અને ત્યારબાદ તેમનો પરિવાર જામનગર મુકામે આવ્યો અને અભ્યાસ પણ એસ.એસ.સી સુધી જામનગરમાં થયો પરંતુ મહિલા કોલેજ ન હોવાથી વર્ષાબિહેને સીવણનો ડિપ્લોમા કરવાનું વિચાર્યુ અને બે વર્ષનો કોર્ષ કર્યો ત્યાં તો તેમના લગ્ન છત્રાલિયા પરિવારના વલ્લભભાઇ સાથે થયા અને ડિપ્લોમા અભ્યાસ અધૂરો રહી ગયો. વર્ષાબિહેન જીવનસંસારમાં ગૂંથાય ગયા. પરંતુ તેમની આગળ વધવાની ધગશ સતત તેમના જીવન સાથે વણાયેલી જોવા મળે છે.

ગૃહસ્થ જીવનના ૧૩ વર્ષનો ગાળો કયાં પસાર થઇ ગયો તે વર્ષાબિહેનને ખબર ન પડી. એ વર્ષો દરમિયાન બે બાળકો તિશિર અને નીરવનો જન્મ થયો. બાળકોના ઉછેરની જવાબદારી અને સાથે સાથે ઘર, સમાજ, કુટુંબનું પણ સંભાળવાનું. પરંતુ આ સાંસારિક જવાબદારી વર્ષાબિહેને બરોબર સંભાળી અને તે સમય દરમિયાન ધંધાકીય કારણોસર તેમનો પરિવાર જૂનાગઢ મુકામે સ્થાપી થયો. છોકરાવ મોટા થવા લાગ્યા અને બાળકોના ભણતરની સાથે સાથે ઓતપ્રોત થયેલા વર્ષાબિહેને સીવણ ડિપ્લોમાંના ત્રીજા વર્ષનું ફોર્મ ભર્યું અને પતિનો ખૂબ જ સાથ હોવાથી ફર્સ્ટ કલાસમાં સીવણની પરીક્ષા પાસ કરી અને વર્ષાબિહેન જણાવે છે કે મારા જીવનસાથીનો તથા સીવણ ટીચરનો ખૂબ સહકાર હોવાથી હું મારું ધ્યેય પાર પાડી શકી બાળકો અને કુટુંબની જવાબદારી વચ્ચે સતત પ્રવૃત્તિમય મહેનતું જીવન જીવીને વર્ષાબિહેને પોતાની કલાને જીવંત રાખી છે તે તેમની સફળતા કહી શકાય.

તેમના બંને બાળકો તિશિર અને નીરવે હાઇસ્કૂલનો અભ્યાસ પૂર્ણ કર્યો ત્યારે તેમને બહાર આગળ અભ્યાસ માટે મોકલવા જોઇએ તેમ વર્ષાબિહેન માનતા હતા. તેઓ જણાવે છે કે મને જેમ માતા-પિતા અને જીવનસાથીએ ઊડવા માટે આકાશ પૂરું પાડ્યું તેમ મારે પણ બાળકોને ઊડવા માટે અવકાશ આપવો જોઇએ. મોટા દીકરા તિશિરને શાહદા મહારાષ્ટ્રમાં અને નીરવને મોડાસા એન્જિનિયરિંગના અભ્યાસ માટે મોકલ્યા. વર્ષાબિહેન જણાવે છે કે બંને છોકરાવની ગેરહાજરીમાં મન ખૂબ જ ઉદાસ રહેતું. જીવન સાવ શૂન્ય હોય તેવું લાગતું. મન સતત છોકરાવના વિચાર કર્યા કરે. ઘર સાવ સૂમસામ ભાસે!

એક દિવસની વાત છે. વર્ષાબેન અને તેમના પતિ ઘરમાં બેઠા હતા. વર્ષાબિહેનને ચેન પડતું નહોતું. પતિએ કહ્યું : 'શું આમ સાવ સૂમસામ બનીને બેઠી છે. તને તો બધું આવડે છે. ભરતગૂંથણ પણ જાણે છે તો કંઇક પ્રવૃત્તિ કર તો તારો સમય પણ પસાર થાય.' બસ આ વાત સાંભળી વર્ષાબેન ભરતગૂંથણમાં મગ્ન બની ગયા કે એ બચપણનો શોખ ધંધામાં પરિવર્તિત થઇ ગયો એ ખબર ન પડી. એ સમયે પતિની સાથે સાથે છોકરાવનો પણ સાથ મળ્યો. સર્વ પ્રથમ તેઓના સહકારથી જૂનાગઢ મુકામે પ્રદર્શન યોજેલ જેને ખૂબ જ સારો આવકાર મળ્યો. વર્ષાબિહેનની ભરત-ગૂંતણની કલાને પણ આ પ્રદર્શનથી સમાજક્ષેત્રે પ્રદર્શિત થવાની તક મળી.

ત્યારબાદ મુંબઇ મુકામે વર્ષાબિહેને તૈયાર કરેલી ભરત-ગૂંતણની વસ્તુઓનું પ્રદર્શન યોજાયું. હવે તો તેમને ઉત્તરોત્તર સફળતા મળતી જ ગઇ. ગુજરાત લેવલે સરકાર દ્વારા જે પ્રદર્શન યોજાય છે તેમાં સુરત મુકામે પ્રદર્શન ચાલતું હતું. ત્યાં તેમણે જે ડબલ - બેડ - સીટ ગૂંથેલી તે મુકાયેલ અને તે બેડ સીટની કલા નિહાળી આયોજકોએ તેને સિલેક્ટ કરેલી.

ત્યારબાદ બીજા મહિને અમદાવાદ યુનિવર્સિટીમાં પ્રદર્શન યોજાયેલ ત્યાં સિલેક્શન હતું. વર્ષાબિહેન ત્યાં હાજર હતા. ઇન્ડેક્ષીના સાહેબોની કલ્પસીટ કરીને સૌને વર્ષાબિહેને મંત્રમુગ્ધ કરી દીધા. તેમણે તૈયાર કરેલ બેટ સીટ પ્રથમ ત્રણ ઇનામમાં પસંદગી પામી ત્યારે મલ્લિકા સારાભાઇ કે જેઓ અગ્ર હરોળના મહિમા નૃત્યકલાકાર છે. તેઓ પણ ઉપસ્થિત હતા અને તેમણે પણ વર્ષાબિહેનની કલાને બિરદાવી હતી. જે કલાના નમૂનાઓને પ્રથમ ત્રણ નંબર મળેલ તેઓને ૧૫મી ઓગસ્ટે એવોર્ડ આપવાનો સરકારનો નિર્ણય હતો. ત્યારે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં ગૃહમંત્રી અમિત શાહના હસ્તે વર્ષાબિહેનને એવોર્ડ મળેલ અને આ રીતે મોડે મોડે પણ તેમની કલાની કદર થઇ. ત્યાર બાદ તો ગુજરાત અને ભારતભરના શહેરોમાં તેમના પ્રદર્શનો યોજાયા અને વર્તમાન સમયે પણ વર્ષાબિહેન આ ભરત-ગૂંથણ કલામાં પ્રવૃત્ત છે. હાલમાં તો તેમના બંને દીકરા પરણી ગયા છે અને વર્ષાબિહેન તેમની વહુઓને પણ દીકરી માની આનંદથી કલામય જીવન વ્યતિત કરે છે. દીકરાઓને પણ દીકરીઓ છે અને વર્ષાબિહેન દાદીમા બની ગયા છે. તેમને અભિનંદન.